અપીલ અરજી નં.૩૦૭ તા.૨૨–૧–૦૯

અરજદારઃ શ્રી કાંતાબેન વલ્લભભાઈ રાઠોડ
સામાવાળાઃ(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી
(૨)શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાંતાબેન વલ્લભભાઈ રાઠોડની તા.૧૫–૧૧–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ ના સી.સ.નં.૬૧૭ થી નોંધ નં.૬૭૮ ના એલાઈમેન્ટ અંગે કચેરીના નિતી નિયમ, નકશા અને પરીપત્રોની મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૨૨–૧–'૦૯ ની અપીલ અરજી નં.૩૦૭/૨૦૦૮–૦૯

શ્રી કાંતાબેન વલ્લભભાઈ રાઠોડની તા.૧૫–૧૧–૦૮ ની અરજીથી વોર્ડ નં.૭ ના સી.સ.નં.૬૧૭ થી નોંધ નં.૬૭૮ ના એલાઈમેન્ટ અંગે કચેરીના નિતી નિયમ, નકશા અને પરીપત્રોની મુદ્દા નં.૧ થી ૧૬ ની માહિતી આપવા બાબતે ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ના પત્ર નં.ટીપીડી/૬૧૯૮ તા.૧૯–૧૨–૦૮ અને નં.ટીડીઓ/૩૯૩૦ તા.૨૨–૧૨–૦૮ થી આપેલ જવાબ ના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૨–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર બી.પી.એલ હોવા છતા આરટીઆઈના કાયદા અને નિયમની જોગવાઈ મુજબ ફ્રી માહિતી પુરી પાડવાની હોય છે તેમ છતા દસ્તાવેજી ફી ૬૭૭૬/– ભરાવાનો આગ્રહ રાખેલ છે તેવું જણાવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,ફી ભર્યાનો આધાર કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૦૩૧ તા.૩૧–૧–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને પુરક માહિતી મળેલ નથી.

અરજદારે તા.૧૫–૧૧–૦૮ ના રોજ આઈ ડી નં.૮૯૨ થી રૂ.૨૦/– રસીદ નં.૨૭૭૧૨૫ ભરપાઈ કરીને માહિતી મેળવવા અરજી કરેલ છે.જેમાં બીડાણમાં ઉપર મુજબનો પત્ર તેમજ બીપીએલ કાર્ડની નકલ બીડાણ તરીકે દર્શાવેલ છે. પરંતુ અરજદારે અરજી સ્વીકાર્યા વખતે બીપીએલ કાર્ડ રજુ કરેલ છે કે કેમ તે અંગે અરજી સ્વીકાર્યાની મુળ અરજીની નકલ બંને પક્ષકારો તરફથી રજુ કરાયેલ નથી. અરજદારે તા.૧૫–૧૧–૦૮ ના રોજ કરેલ અરજી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી તરફથી સે.ઝોન/આરટીઆઈ/જાવક/ નં.૯૮૭ તા.૨૧–૧૧–૦૮ થી ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરેલ છે. જે નં.ટીડીઓ/૩૭૩૫ તા.૮–૧૨–૦૮ થી મુદ્દા નં.૧ ની અંશતઃ તથા મુદ્દા નં.૨ ની માહિતીની વિગતો અંગે કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને તથા મુદ્દા નં.૩ ની અંશતઃ તથા મુદ્દા નં.૫ થી ૧૬ અંગે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને તબદીલ કરેલ છે. જેના અનુસંધાને ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.ટીડીઓ/૩૯૩૦ તા.૨૨–૧૨–૦૮ થી મુદ્દા નં.૧ અને ૩ અંશતઃ અને ૪ ની માહિતી અરજદારને પુરી પાડેલ છે. તથા નં.ટીપીડી/૬૧૯૮ તા.૧૯–૧૨–૦૮ થી મુદ્દા નં.૩ અંશતઃ અને ૫ થી ૧ ૬ થી માહિતી પુરી પાડવા અંગેના પત્ર સાથે સંલગ્ન નકશા, ઠરાવો વિગેરેની કુલ ફી ૬૭૭૬/– અરજદારને ભરપાઈ કરવા જણાવેલ છે. જેમાં અરજદારે બીપીએલ કાર્ડ ધારક હોય વિના મુલ્યે માહિતીની માંગણી કરેલ છે. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૦૮૭ તા.૧૫–૧૨–૦૮ ના રોજ મુદ્દા નં.૧ અંશતઃ તથા મુદ્દા નં.૨ ની માહિતી અરજદારને પુરી પડાયેલ છે. અરજદારે અપીલ અરજીમાં ડાયરેકટર ઓફ પ્લાનીગના પત્ર નં.ટીપીડી/૬૧૯૮ તા.૧૯–૧૨–૦૮ નો પત્ર તથા નં.ટીડીઓ/૩૯૩૦ તા.૨૨–૧ ૨–૦૮ ના નિર્ણયની નારાજ થઈ મુદ્દા નં.૧ માં નોંધ નં.૬૧૭ માં વિકાસ પરવાનગી મેળવવા રજુ થયેલ અને આપેલ વિગતો બાબતે તથા મુદ્દા નં.૩ માં આપેલ માહિતી અધુરી હોય વિગતવાર અહેવાલ/નોંધની માંગણી કરેલ છે. તથા ૫ થી ૯,૧૨ અને ૧૫,૧૬ ની બીપીએલ હેઠળ અરજદાર હોય વિના મુલ્યે માહિતી પુરી પાડવાની રજુઆત કરેલ છે. આમ અરજદારે કરેલ અપીલના મુખ્ય મુદ્દામાં તેઓ બીપીએલ કાર્ડ ધારક હોવા છતાં ફી ભરવા આગ્રહ રાખવામાં આવેલ છે તે જણાય છે. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદારે મુળ અરજીથી જ લાગત નકશા સહિત નકલો માંગેલ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ કાયદાની કલમ–૭(૯) નો સહારો કે અપવાદ અરજી નિકાલના તબકકે ઉપસ્થિત કરેલ જણાતો નથી. શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન ધ્વારા મુદ્દા નં.૧ અંગે રજુ થયેલ વિકાસ પરવાનગી અંગે અરજદારે માંગ્યા મુજબ સી.સ.નં.૬૧૭ નોંધ નં.૬૭૮ ની માહિતી મુદ્દા નં.૩ સહિત પૂરી પડાયેલ જણાય છે. અત્રે એ પણ ઉલ્લ ેખનીય છે કે મુદ્દા નં.૩ અંગે અરજદારે ત્રાહિતની માહિતી માંગેલ છે. તે બાબતે પણ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન કક્ષાએથી કલમ–૧૧ ને અનુલક્ષી ત્રાહિતની પ્રક્રિયા અનુસર્યા વિના પણ વિના મૂલ્યે પૂરી પાડેલ જણાય છે. જે અંગે વ્યાપક જાહેર હિતને ધ્યાને લીધાનું અનુમાનિત થાય. જેથી મુદ્દા નં.૧ અંગે અરજદારની અપીલનો મુદ્દો ગ્રાહય રાખવા પાત્ર થતો નથી. અરજદારે મુદ્દા નં.૧ માટે જણાવેલ નોંધ નં.૬૧૭ મુળ અરજીથી અલાયદી હોઈ અપીલના તબકકે ગ્રાહય રાખવા પાત્ર નથી. તે સિવાય મુદ્દા નં.૧ અંગે અરજદારે નારાજગી અંગે મુળ અપીલ કે સુનાવણી તબકકે કોઈ વિશેષ રજૂઆત કરેલ નથી જેથી તે અંગે કોઈ તકરાર નહીં હોવાનું માનવાને કારણ છે.

ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પણ અરજદારે માંગેલ માહિતીના મુદ્દા નં.૪,૯,૧૫ જેમાં પ્ર થમદર્શી રીતે ત્રાહિતની માહિતી સમાવિષ્ટ થયાનું જણાય છે. તે અંગે કલમ–૧૧ ની પ્રક્રિયા અરજી નિકાલના તબકકે અનુસરાયેલ જણાતું નથી કે તે અંગે વ્યાપાક જાહેર હિતને પ્રાધાન્ય આપ્યાનું વાજબીપણું રજૂ કરેલ નથી.

આ અંગે નં.આરટીઆઈ સેલ/૧૧૨૬ તા.૨૪–૨–૦૯ થી અરજદાર અને જાહેર માહિતી અધિકારીને તા.૨૭–૨–૦૯ ના રોજ સુનાવણી અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી હાજર રહેલા. જયારે અરજદાર હાજર રહી શકેલ નહીં પરંતુ તેમના પ્રતિનિધિ અવિનાશ એચ. રાણા હાજર રહી ઠરાવની માંગણી કરેલ જે ગ્રાહય રાખી તા.૬–૩–૦૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે પુનઃ સુનાવણી રાખવામાં આવેલ જે અંગે નં.આરટીઆઈ સેલ/૧૧૪૬ તા.૨૭–૨–૦૯ ના રોજ અરજદાર અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. સદર તારીખે અરજદાર હાજર રહી સાચી માહિતી આપેલ નથી માહિતી બરાબર નથી અને પાર્ટ પ્લાનમાં નકશામાં ૩૦ ફુટ એલાઈમેન્ટ બતાવેલ છે જયારે માહિતી આપી છે તેમાં ૪૦ ફુટ દર્શાવેલ છે. મુદ્દા નં.૧૬ અંગે એલાઈમેન્ટ મુકવા અંગેની રજુઆત કરેલ.જાહેર માહિતી અધિકારી તરફથી ડે. ટાઉન પ્લાનર હાજર રહી મુદ્દા નં.૧૬ અંગે લાગત નંબરો અંગે સ્પષ્ટ વિગત સાથે અલગ માંગણી કર્યેથી માહિતી આપવાનું જણાવેલ. તેમજ જાહેર માહિતી અધિકારી દિન–૧૦ માં ઈન્સ્પેશન આપી અરજદારને ઈન્સપેકશનમાં જણાવે તે માહિતી પુરી પાડવા જણાવેલ છે. તેમજ તા.૧૩–૩–૦૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ઈન્સ્પેકશન આપવા તૈયારી બતાવેલ છે જે અંગે અરજદાર પણ સંમત થયેલ છે.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૫–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નહી પૂરી પડાયેલી મુદ્દા નં.૫ થી ૯ ,૧૨ અને ૧૫ તથા૧૬ ની માહિતી અંગે તા.૧૩–૩–૦૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ઈન્સ્પેકશન પુરું પાડી અરજદાર માંગે તે માહિતી બાબતે ત્રાહિતને સ્પર્શતા મુદ્દાઓ અંગે જરૂર જણાયે કલમ–૧૧ હેઠળની ત્રાહિતની પ્રક્રિયા અનુસરી ત્રાહિતની રજૂઆતના ઉપલક્ષ્યમાં ઉચિત નિર્ણય લઈ માહિતી પૂરી પાડવા અગર કારણસર નિર્ણય જણાવવા તેમજ ત્રાહિત સિવાયના મુદ્દાઓ અંગે તથા ત્રાહિતના કિસ્સામાં માહિતી પૂરી પાડવા લેવાયેલ નિર્ણય અંગેની સઘળી માહિતી અરજદાર બીપીએલ કાર્ડ ધારક હોય આરટીઆઈના કાયદા અને નિયમ ની જોગવાઈ અનુસાર કાયદાની કલમ–૭(૯) ની જોગવાઈ અનુસરી કલમ–૭(૫) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૦ માં પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી તથા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન
....જાણ તથા અમલ માટે

(૨) શ્રી કાંતાબેન વલ્લભભાઈ રાઠોડ,